ક્રમાંક: ઉક/એમએસએમઇ/ VG-2017/125747૩

ઉધોગ કમિશ્નરશ્રીની કચેરી,

બ્લોકનં.૧, ૪થો માળ,

ઉધોગભવન, ગાંધીનગર.

તા. ૦૩/૧૨/૨૦૧૬

પ્રતિ,

જનરલ મેનેજરશ્રી,

જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર

------------------ (તમામ)

**વિષયઃ- વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ દરમિયાન Trade Show-2017 Exhibition માં MSME એકમો દ્વારા સ્ટોલ રાખવા બાબત**

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે તાઃ ૩૦/૧૧/૨૦૧૬નાં રોજ મા. ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગાંધીનગરનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ વરિષ્ઠ અધિકારીશ્રીઓની બેઠકમાં નક્કી થયા મુજબ ગુજરાત રાજ્યનાં Micro, Small અને Medium કક્ષાનાં જે એકમો એ વાયબ્રન્ટ-૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૩ કે ૨૦૧૫ દરમિયાન ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન ફાઇલ કરેલ હોય અને ત્યારબાદ આવા એકમો Commissioned થઇ ગયેલ હોય તેવા એકમો દ્વારા VG-2017 સમિટનાં Trade Show-2017માં **એક્ઝીબિશન હોલ નં-૧૩માં** MSME એકમો માટે સ્ટોલ ઊભા કરવામાં આવનાર છે. આવા એકમો વધુને વધુ પ્રમાણમાં ભાગીદાર બને તે હેતુથી આવા એકમોને સ્ટોલ ઉભો કરવા માટે પ્રોત્સાહિત કરવાના રહેશે. વધુમાં, જો આવા MSME એકમો પાંચ કે તેથી વધુના સમૂહમાં વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ દરમિયાન ઉક્ત Trade Show-2017માં ઇન્ડસ્ટ્રીઝ એસોશિએશન/ ચેમ્બર ઓફ કોમર્સ/ ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ મારફત **સહભાગી બને** તો તેવા એકમોને નવી ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળની માર્કેટ ડેવેલપમેન્ટ આસિસ્ટન્સ-૧(MDA-I) ની સ્કીમ અંતર્ગત સ્ટોલ રેન્ટમાં સહાયનો લાભ પણ મળવાપાત્ર થશે.

ઉક્ત બાબત ધ્યાને લઇ આપના જિલ્લાના MSME એકમો મોટા પ્રમાણમાં એસોશિએશન મારફત આ Trade Show માં સહભાગી થઇ સ્ટોલ રાખે તે માટે આપની કક્ષાએથી તત્કાલ જિલ્લાનાં વિવિધ ઇન્સ્ટ્રીયલ એસોશિએશનનો રૂબરૂ સંપર્ક કરી સત્વરે કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. સદર કામગીરી વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ને લગત હોઇ, પ્રાથમિકતા આપી તેમજ અંગત રસ દાખવી સક્રિયપણે હાથ ધરવા તમામ અધિકારીશ્રી તથા સ્ટાફને આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.